## આણંદ કૃષિ યુનિવર્સિટીના વિવિધ કેન્દ્રો દ્વારા ઉત્પાદિત કલકત્તી તમાકુ અને દિવેલાના 'અનુભવ' બીજના વેચાણ માટે ઓનલાઈન નોંધણી, પેમેન્ટ અને ફાળવણી/ વિતરણ વ્યવસ્થા અંગે જાહેરાત તેમજ સંબંધિત માહિતી

આણંદ કૃષિ યુનિવર્સિટીના વિવિધ કેન્દ્રો દ્વારા ઉત્પાદિત **કલકત્તી તમાકુ અને દિવેલાની જુદી જુદી જાતોના** 'અનુભવ' બીજના વેચાણ માટે, બિયારણની ઓનલાઈન નોંધણી, પેમેન્ટ અને ફાળવણી/ વિતરણ વ્યવસ્થા અમલી થનાર છે. **કલકત્તી તમાકુ** માટે આગામી **તા. ૨૧/૭/૨૦૨૨, સવારે ૯ કલાકથી તા. ૨૬/૭/૨૦૨૨, રાત્રે ૧૧.૫૯ કલાક** અને દિવેલા માટે **તા. ૨૧/૭/૨૦૨૨, સવારે ૯ કલાકથી તા. ૨૪/૭/૨૦૨૨, રાત્રે ૧૧.૫૯ કલાક** દરમ્યાન, આ ઓનલાઈન નોંધણી, વહેલાં તે પહેલાંના ધોરણે અને જે તે જાતનો જથ્થો ઉપલબ્ધ રહે ત્યાં સુધી, કાર્યરત થનાર છે. બિયારણની ઓનલાઈન નોંધણી કરતી વખતે ધારણ કરેલ જમીન પ્રમાણે મળવાપાત્ર જથ્થાનું પેમેન્ટ પણ ઓનલાઈન જ કરવાનું રહેશે. આ અંગેની સમગ્ર માહિતી તેમજ ઓનલાઈન નોંધણી કરવા માટેની વિગતો ખેડૂતો આણંદ કૃષિ યુનિવર્સિટીની વેબસાઇટ www.aau.in અને seed.aau.in પરથી મેળવી શકશે.

**વધુમાં પ્રવર્તમાન વરસાદી પરિસ્થિતિમાં કોઈ કુદરતી કે તાંત્રિક કારણોસર અનિવાર્ય સંજોગોમાં ઉપરોક્ત ઓનલાઈન નોંધણી, અને ફાળવણી/ વિતરણ વ્યવસ્થામાં ફેરફાર થઈ શકશે.** વધુ લેટેસ્ટ વિગતો માટે ફોન નંબર ૦૨૬૯૨-૨૬૦૩૨૯ પર સંપર્ક કરી શકાશે તેમજ આણંદ કૃષિ યુનિવર્સિટીની વેબસાઇટ www.aau.in પરથી માહિતી મેળવી શકાશે.

તા. ૧૮/૦૭/૨૦૨૨ સંશોધન વૈજ્ઞાનિક અને નોડલ અધિકારી (સીડ)

## કલકત્તી તમાકુ બિયારણ માટે ઓનલાઇન અરજી કરવા માટેની માહિતી

**(નોંધણી માટે ઓનલાઈન પેમેન્ટ કરવું ફરજિયાત છે.)**

૧) ખરીફ – ૨૦૨૨ માટે કલકત્તી તમાકુના પાકમાં ભરોસાપાત્ર/ ખાત્રીવાળુ બિયારણ મેળવવા માટેની અરજી કેન્દ્ર પર ઉપલબ્ધ જાત-જથ્થાની મર્યાદામાં ફક્ત ઓન લાઇન જ સ્વીકારવામાં આવશે.

૨) બિયારણની નોંધણી માટે અરજદાર ખેડૂત પાસે આધારકાર્ડ અને ૮ – અ નાં દાખલા મુજબનું જ નામ લખવું.

૩) ખેડૂતોએ બિયારણ ફાળવણી માટેની અરજી ઓનલાઈન http://www.aau.in વેબસાઈટ પર આપેલ લીંક દ્વારા નિર્ધારીત સમય ગાળામાં જ કરવાની રહેશે.

૪) નમૂના ૮ –અ માં એક કરતાં વધારે ખેડૂતના નામ હોય તો બિયારણની ફાળવણી દરેક ખેડૂતને તેની  જમીન મુજબ મહત્તમ જથ્થાની મર્યાદામાં જ થશે.

| ૮-અ મુજબ વિસ્તાર (ગુંઠા) રોપણી માટે | મળવાપાત્ર પેકેટ (૨૫૦ ગ્રામ) |
|---|---|
| ૦૧ થી ૫૦ ગુંઠા | ૧ પેકેટ |
| ૫૧ થી ૧૦૦ ગુંઠા થી વધુ | ૨ પેકેટ |

૫) ઓનલાઇન અરજી બાદ ખેડૂતોને બિયારણની ફાળવણી, વહેલા તે પહેલાના ધોરણે, ખેડૂતની જમીન મુજબ મહત્તમ જથ્થાની મર્યાદામાં કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમથી ઓનલાઈન જ થશે. ફાળવણીની જાણકારી ઓનલાઇન મેળવી શકાશે. ૨૫૦ ગ્રામના પેકીંગમા ખેડૂતોની જમીન મુજબ વધુમા વધુ એક જાત માટે ૨ પેકેટ (કુલ ૫૦૦ ગ્રામ) અને બે જાત માટે ૪ પેકેટ (કુલ ૧ કિલો) ની મર્યાદામાં ફાળવણી કરવામાં આવશે જેથી ફાળવણી માટે કોઈના અન્ય દાવા માન્ય રાખવામાં આવશે નહિ.

૬) કલકત્તી તમાકુના બિયારણની ઓનલાઇન નોંધણી બીડી તમાકુ સંશોધન કેન્દ્ર પર ઉપલબ્ધ જાતના જથ્થા મુજબ જ થશે.

૭) ઓનલાઈન અરજીની નોંધણી થયા બાદ ખેડૂતે ઓનલાઈન પાવતીની પ્રિન્ટ કાઢી લેવી/ મોબાઈલમાં સેવ કરી લેવી. આ પાવતી બિયારણ રૂબરૂ લેવા આવતી વખતે આધારકાર્ડ અને ૮ – અ ની નકલની સાથે લાવવાની રહશે.

૮) યુનિવર્સીટીના કેન્દ્રો ખાતે બિયારણની ફાળવણીનો જથ્થો પૂર્ણ થઇ ગયા પછી **વેબસાઈટ પર આપેલ** લીંક પરથી અરજીની નોધણીની પ્રક્રિયા બંધ કરી દેવામાં આવશે.

૯) વિતરણની અંતિમ તારીખ બાદ કલકત્તી તમાકુના બીજનો વેચાણ થયા વગર કોઇપણ જાતનો વધારાનો જથ્થો જો ઉપલબ્ધ હશે તો, <u>તા. ૬/૮/૨૦૨૨</u> બાદ ખેડૂતોને રૂબરૂ વહેલા તે પહેલાના ધોરણે જમીનના ૮-અ ની નકલ અને આધાર કાર્ડની નકલ લઈને આવશે તો વેચાણથી આપવામાં આવશે.

૧૦) કલકત્તી તમાકુના બિયારણના ભાવની વિગત (૨૫૦ ગ્રામના પેકીંગમાં)

| **પાક** | **બીડી તમાકુની જાતો** | **બીજ મેળવવાનું સ્થળ** | **બિયારણના ભાવ** |
|---|---|---|---|
| કલકત્તી તમાકુ | ગુજરાત કલકત્તી ૧<br>ગુજરાત કલકત્તી તમાકુ ૨<br>ગુજરાત કલકત્તી તમાકુ ૩ | **વિભાગીય સંશોધન કેન્દ્ર, આકૃયુ, આણંદ** | **૧૫૦૦ રૂપિયા/ કિ.ગ્રા. (૩૭૫ રૂપિયા/ ૨૫૦ ગ્રામ)** |

**(ઓનલાઈન પેમેન્ટની પસંદ કરેલ પધ્ધતિ મુજબના લાગુ પડતાં ચાર્જીસ અને સર્વિસ ટેક્સ જે તે બેન્કના નિયમો મુજબ અલગથી ઉમેરાશે.)**

૧૧) ઓનલાઈન અરજી કરવામાં મુશ્કેલી જણાય તો જાહેર રજાના દિવસો સિવાય, ચાલુ કચેરીના સમયે સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ અને બપોરે ૨:૦૦ થી ૫:૦૦ દરમિયાન આણંદ કૃષિ યુનિવર્સિટીના વિવિધ કેન્દ્રો પરથી/ નીચેના નંબરો પરથી નોંધણી પ્રક્રિયાની જાણકારી મેળવી લેવી.

૧૨) નોંધણીની માહિતી માટે ઉપયોગી ફોન નંબર

| **ક્રમ નં.** | **નામ** | **મોબાઈલ નંબર** |
|---|---|---|
| ૧ | ડો. જે. એન. પટેલ | ૯૪૨૭૮૫૮૨૧૬ |
| ૨ | ડો. કે. એમ. ગેડિયા | ૭૨૦૨૮૯૧૧૩૪ |
| ૩ | શ્રી. ડી. આર. દેલવાડિયા | ૯૪૦૮૨૫૯૦૯૧ |
| ૪ | જલ્પાબેન પંચાલ | ૯૯૧૩૭૮૦૩૮૫ |
| ૫ | મનિષાબેન ગામિત | ૯૬૨૪૩૮૯૨૩૦ |
| ૬ | ડો વાય. એમ. રોજાસરા | ૬૩૫૨૪૬૦૮૮૩ |

૧૩) ખેડૂત ભાઈઓ જ્યારે ફાળવવામાં આવેલ બિયારણ લઇ જવા આવે ત્યારે તેમને COVID -19 ની સરકારશ્રી તરફથી વખતો વખત બહાર પાડવામાં આવેલ ગાઈડ લાઈનનો ચુસ્તપણે પાલન કરવાનો રહેશે.

**૧૪) આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા ઉત્પાદિત કલકત્તી તમાકુના 'અનુભવ' બીજ મેળવવા ઓનલાઈન નોંધણી તા. ૨૧/૭/૨૦૨૨, સવારે ૯ કલાકથી તા. ૨૬/૭/૨૦૨૨, રાત્રે ૧૧.૫૯ કલાક દરમ્યાન અને ફાળવણી તા. ૧/૮/૨૦૨૨ થી તા. ૬/૮/૨૦૨૨ સુધી થશે. સફળતાપૂર્વક ઓનલાઈન નોંધણી થયેલ હોય તે ખેડૂતોએ ફાળવવામાં આવેલ બીજ તા. ૬/૮/૨૦૨૨ પહેલાં મેળવી લેવાનું રહેશે, ફાળવવામાં આવેલ બીજ તા. ૬/૮/૨૦૨૨ સુધી જો ન મેળવવામાં આવે તો, આ નોંધણી આપોઆપ રદ થશે/ ગણાશે અને તે બીજ અન્ય ખેડૂતોને ફાળવી આપવામાં આવશે.**

## દિવેલા બિયારણ માટે ઓનલાઇન અરજી કરવા માટેની માહિતી

**(નોંધણી માટે ઓનલાઈન પેમેન્ટ કરવું ફરજિયાત છે.)**

| ક્રમ નં. | સંશોધન કેન્દ્રનું નામ | જે તે કેન્દ્ર પર ઉપલબ્ધ જાત/ હાઇ બ્રીડ | ફોન નંબર |
|---|---|---|---|
| ૧ | કૃષિ સંશોધન કેન્દ્ર, ડેરોલ | જી.સી.એચ. ૭ | ૦૨૬૭૬-૨૩૫૫૨૮ |
| ૨ | વિભાગીય સંશોધન કેન્દ્ર, આણંદ | જી.સી.એચ. ૯, જી.સી.એચ. ૧૦, જી.એ.સી. ૧૧ | ૦૨૬૯૨-૨૬૦૩૨૯ |
| 3 | કૃષિ સંશોધન કેન્દ્ર, જબુગામ | જી.સી.એચ. ૯ | ૯૪૨૬૪૮૫૮30 |

૧) ખરીફ – ૨૦૨૨ માટે દિવેલાના પાકમાં પ્રમાણિત બિયારણ મેળવવા માટેની અરજી ઉપર મુજબના કેન્દ્રો પર ઉપલબ્ધ જાત-જથ્થાની મર્યાદામાં ફક્ત ઓનલાઇન જ સ્વીકારવામાં આવશે.

૨) બિયારણની નોંધણી માટે અરજદાર ખેડૂત પાસે આધારકાર્ડ અને ૮ –અનાં દાખલા મુજબનું જ નામ લખવું.

3) ખેડૂતોએ બિયારણ ફાળવણીની અરજી ઓનલાઈન http://www.aau.in વેબસાઈટ પર આપેલ લીંક દ્વારા નિર્ધારીત સમયગાળામાં જ કરવાની રહેશે.

૪) નમૂના ૮ –અ માં એક કરતાં વધારે ખેડૂતના નામ હોય તો બિયારણની ફાળવણી દરેક ખેડૂતને તેની જમીન મુજબ મહત્તમ જથ્થાની મર્યાદામાં જ થશે.

| ૮-અ મુજબ વિસ્તાર (ગુંઠા) | મળવાપાત્ર બેગ (બે કિલોગ્રામ/ બેગ) |
|---|---|
| ૦૧ થી ૪૦ ગુંઠા | ૧ બેગ |
| ૪૧ થી ૮૦ ગુંઠા | ૨ બેગ |
| ૮૧ થી ૧૨૦ ગુંઠા | ૩ બેગ |
| ૧૨૧ થી ૧૬૦ ગુંઠા | ૪ બેગ |
| ૧૬૧ થી વધુ ગુંઠા | ૫ બેગ |

૫) ઓનલાઇન અરજી બાદ ખેડૂતોને બિયારણની ફાળવણી, વહેલા તે પહેલાના ધોરણે, ખેડૂતની જમીન મુજબ મહત્તમ જથ્થાની મર્યાદામાં કોમ્પુટરાઈઝડ સિસ્ટમથી ઓનલાઈન જ થશે. ફાળવણીની જાણકારી ઓનલાઇન મેળવી શકાશે. **‘૨’ કિગ્રાની એક બેગ**, એ રીતે ખેડૂતોની જમીન મુજબ વધુમા વધુ **’૫ (પાંચ)’** બેગની મર્યાદામાં ફાળવણી કરવામાં આવશે, જેથી ફાળવણી માટે કોઈના અન્ય દાવા માન્ય રાખવામાં આવશે નહિ.

૬) દિવેલાના બિયારણની ઓનલાઇન નોંધણી આણંદ કૃષિ યુનિવર્સિટીના કેન્દ્રો/ વિભાગો પર ઉપલબ્ધ જાતના જથ્થા મુજબ જ થશે. **ખેડૂતની પસંદગીના કેન્દ્ર પર ઉપલબ્ધ જથ્થો પૂર્ણ થયેલ હોય તો તેઓ અન્ય કેન્દ્રો પર નોધણીની પ્રક્રિયા કરી શકે છે.**

૭) ઓનલાઈન અરજીની નોંધણી થયા બાદ ખેડૂતે ઓનલાઈન પાવતીની પ્રિન્ટ કાઢી લેવી/ મોબાઈલમાં સેવ કરી લેવી. આ પાવતી બિયારણ રૂબરૂ લેવા આવતી વખતે આધારકાર્ડ અને ૮ –અ ની નકલની સાથે લાવવાની રહશે.

૮) યુનિવર્સીટીના કેન્દ્રો ખાતે બિયારણની ફાળવણીનો જથ્થો પૂર્ણ થઇ ગયા પછી **વેબસાઈટ પર આપેલ લીંક** પરથી અરજીની નોધણીની પ્રક્રિયા બંધ કરી દેવામાં આવશે.

૯) વિતરણની અંતિમ તારીખ બાદ દિવેલાના બીજનો વેચાણ થયા વગર કોઇપણ જાતનો વધારાનો જથ્થો જો ઉપલબ્ધ હશે તો, તા. **તા. 30/૭/૨૦૨૨** બાદ ખેડૂતોને રૂબરૂ વહેલા તે પહેલાના ધોરણે જમીનના ૮-અ ની નકલ અને આધાર કાર્ડની નકલ લઈને આવશે તો વેચાણથી આપવામાં આવશે.

**૧૦) દિવેલાના બિયારણના ભાવની વિગત:**

| પાક | દિવેલાની જાત | પ્રકાર | બિયારણની બે કિગ્રાની બેગના ભાવ (રૂ.) |
|---|---|---|---|
| દિવેલા | જી.સી.એચ. ૭, જી.સી.એચ. ૯, જી.સી.એચ. ૧૦ | હાઈબ્રીડ | ૫૨૦ |
| | જી.એ.સી. ૧૧ | સુધારેલ જાત | ૩૦૦ |

**(ઓનલાઈન પેમેન્ટની પસંદ કરેલ પધ્ધતિ મુજબના લાગુ પડતાં ચાર્જીસ અને સર્વિસ ટેક્સ જે તે બેન્કના નિયમો મુજબ અલગથી ઉમેરાશે.)**

૧૧) ઓનલાઈન અરજી કરવામાં મુશ્કેલી જણાય તો જાહેર રજાના દિવસો સિવાય, ચાલુ કચેરીના સમયે સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ અને બપોરે ૨:૦૦ થી ૫:૦૦ દરમિયાન આણંદ કૃષિ યુનિવર્સિટીના વિવિધ કેન્દ્રો પરથી/ નીચેના નંબરો પરથી નોંધણી પ્રક્રિયાની જાણકારી મેળવી લેવી.

**૧૨) નોંધણીની માહિતી માટે ઉપયોગી ફોન નંબર:**

| ક્રમ નં. | નામ | મોબઈલ નંબર |
|---|---|---|
| ૧ | વિભાગીય સંશોધન કેન્દ્ર, આ.કૃ. યુ., આણંદ | ૦૨૬૯૨-૨૬૦૩૨૯ |
| ૨ | ડો. પવન દવે | ૭૯૯૦૮૧૨૮૬૫ |
| ૩ | શ્રી. પ્રદીપ લીંબાણી | ૯૭૨૭૪૬૧૩૩૦ |
| ૪ | શ્રી. દીપકુમાર ભાલોડીયા | ૯૦૩૩૪૪૭૭૮૯ |
| ૫ | કુ. ભાવનાબેન બલદાણીયા | ૯૫૩૭૬૨૭૬૫૪ |
| ૬ | ડો. કૃપાલ ભાલાળા | ૯૦૯૯૪૦૦૪૮૬ |
| ૭ | શ્રી. દુષ્યંતકુમાર દુબે | ૯૪૦૮૧૨૩૩૦૦ |

૧૩) ખેડૂત ભાઈઓ જ્યારે ફાળવવામાં આવેલ બિયારણ લઇ જવા આવે ત્યારે તેમને COVID -19 ની સરકારશ્રી તરફથી વખતો વખત બહાર પાડવામાં આવેલ ગાઈડ લાઈનનો ચુસ્તપણે પાલન કરવાનો રહેશે.

**૧૪) આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા ઉત્પાદિત દિવેલાના 'અનુભવ' બીજ મેળવવા ઓનલાઈન નોંધણી જથ્થાની ઉપલબ્ધતા મુજબ તા. ૨૧/૭/૨૦૨૨, સવારે ૯ કલાકથી તા. ૨૪/૭/૨૦૨૨, રાત્રે ૧૧.૫૯ કલાક દરમ્યાન અને ફાળવણી તા. ૨૭/૭/૨૦૨૨ થી તા. ૩૦/૭/૨૦૨૨ સુધી થશે. સફળતાપૂર્વક ઓનલાઈન નોંધણી થયેલ હોય તે ખેડૂતોએ ફાળવવામાં આવેલ બીજ તા. ૩૦/૭/૨૦૨૨ પહેલાં**

મેળવી લેવાનું રહેશે, ફાળવવામાં આવેલ બીજ <u>તા. ૩૦/૭/૨૦૨૨</u> સુધી જો ન મેળવવામાં આવે તો, આ નોંધણી આપોઆપ રદ થશે/ ગણાશે અને તે બીજ અન્ય ખેડૂતોને ફાળવી આપવામાં આવશે.

*********